For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### A4 ફોર્મેટના નવા નિયમનો વિરોધ, કોર્ટના મુખ્ય ગેટ બંધ કરી નોંધાવ્યો રોષ

# હાઈકોર્ટના નવા પરિપત્ર સામે વડોદરા બાર એસોસિએશનની અચોક્કસ મુદતની હડતાળ

**વધતા** ખર્ચનો બોજ અરજદારો પર પડશે, પરિપત્ર પરત નહીં ખેંચાય ત્યાં સુધી આંદોલનની ચીમકી

(પ્રતિનિધિ) વડોદરા તા.5

ગુજરાત હાઈકોર્ટ દ્વારા બહાર પાડવામાં આવેલા નવા પરિપત્રના વિરોધમાં વડોદરા બાર એસોસિએશન દ્વારા બુધવારે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. બાર એસોસિએશનના પ્રમુખ, ઉપપ્રમુખ સહિતના હોદ્દેદારોએ કોર્ટના મુખ્ય ગેટ બંધ કરી દીધા હતા અને વકીલો તેમજ અરજદારોના કોર્ટમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂકી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી હતી.

ગુજરાત હાઈકોર્ટના નવા પરિપત્ર મુજબ હવે તમામ અરજી અને દસ્તાવેજો A4 સાઈઝના કાગળ પર જ તૈયાર કરવાના રહેશે. ઉપરાંત ડાબી અને જમણી બાજુ 4-4 સેમી તેમજ ઉપર અને નીચે 2-2 સેમી માર્જિન રાખવાની તેમજ નિર્ધારિત ફોન્ટ અને લિપીનો ઉપયોગ કરવાની ફરજિયાત જોગવાઈ કરવામાં આવી છે.

વકીલોનું કહેવું છે કે આ નિયમના કારણે પાનાનો મોટો ભાગ ખાલી રહી જાય છે, જેના કારણે વધુ પાનાંનો ઉપયોગ કરવો પડશે. પરિણામે ટાઈપિંગ, પ્રિન્ટિંગ અને દસ્તાવેજોની તૈયારીનો ખર્ચ વધશે, જેનો સીધો બોજ અરજદારો પર પડશે. વર્ષોથી પ્રચલિત ફોર્મેટમાં કામ કરતા વકીલોને પણ નવી પદ્ધતિ અપનાવવામાં વ્યવહારિક મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

વડોદરા બાર એસોસિએશને સ્પષ્ટ કર્યું છે કે જ્યાં સુધી ગુજરાત હાઈકોર્ટ આ પરિપત્ર પાછો ખેંચશે નહીં અથવા તેમાં જરૂરી ફેરફાર કરશે નહીં, ત્યાં સુધી વકીલો કોર્ટની તમામ કામગીરીથી દૂર રહેશે અને અચોક્કસ મુદતની હડતાળ યથાવત રાખવામાં આવશે. હાલ કોર્ટની કામગીરી પર તેની સીધી અસર જોવા મળી રહી છે અને અરજદારોને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.



**વડોદરા બાર એસો.ની હડતાળને વકીલોનો જંગી ટેકો, આશ્ચર્યજનક કાર્યક્રમ આપવાની ચીમકી ઉચ્ચારાઈ**

હડતાળને મળેલું સફળ સમર્થન સમગ્ર વકીલ મંડળની એકતાનું પરિણામ છે. એસોસિએશને અપીલ કરી છે કે આજે તેમજ હડતાળ પૂર્ણ ન થાય ત્યાં સુધી તમામ વકીલો આ જ રીતે સાથ અને સહકાર જાળવી રાખે. સાથે જ આવતીકાલે વડોદરા બાર એસોસિએશન દ્વારા એક આશ્ચર્યજનક કાર્યક્રમ યોજવામાં આવશે તેવી જાહેરાત કરવા સાથે ચીમકી પણ ઉચ્ચારવામા આવી છે.

### હોસ્પિટલમાં પરિવાર સાથે આવેલા માસૂમનું ઘટનાસ્થળે જ મોત

# જમનાબાઈ હોસ્પિટલ કેમ્પસમાં મહિલા તબીબની કારની અડફેટે ૩ વર્ષના બાળકનું મોત

**પોલીસે** કાર્યવાહી શરૂ કરી, સીસીટીવી ફૂટેજના આધારે તપાસ હાથ ધરી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

વડોદરાની જમનાબાઈ સરકારી હોસ્પિટલના કેમ્પસમાં મહિલા તબીબની કારની અડફેટે આવતાં 3 વર્ષના માસૂમ બાળકનું કરુણ મોત નીપજતાં હોસ્પિટલ સંકુલમાં શોક અને ચકચાર ફેલાઈ હતી. સાબરકાંઠા જિલ્લાના પોશીના તાલુકાના પીપલીયા ગામના રહેવાસી નરેશભાઈ અંગારી પરિવાર સાથે હોસ્પિટલમાં મજૂરી કામ માટે આવ્યા હતા. તેમની સાથે તેમનો ત્રણ વર્ષનો પુત્ર નિવેદ પણ હતો.

પરિવાર પોતાની કામગીરીમાં વ્યસ્ત હતો ત્યારે નિવેદ હોસ્પિટલના પરિસરમાં રમી રહ્યો હતો. તે દરમિયાન જમનાબાઈ હોસ્પિટલના મહિલા તબીબ ડો. ગુડિયા પ્રમોદ સિન્હાની કારની અડફેટે બાળક આવી ગયો હતો. કારનું પૈડું ફરી વળતાં બાળકને ગંભીર ઈજા પહોંચી હતી અને તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું.

અકસ્માત બાદ તબીબે બાળકને પોતાની કારમાં સયાજી હોસ્પિટલ પહોંચાડ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. હોસ્પિટલ પરિસરમાં એવી ચર્ચા પણ ઉઠી હતી કે અકસ્માત જમનાબાઈ હોસ્પિટલમાં બન્યો હોવા છતાં બાળકને ત્યાં પ્રાથમિક સારવાર આપવાને બદલે સીધા સયાજી હોસ્પિટલ કેમ ખસેડાયો.

ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી મહિલા તબીબ સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

# સગીરાને ભગાડી જનાર દુષ્કર્મીને ૨૦ વર્ષની સખત કેદ

**પોક્સો** કોર્ટે આરોપીએ ભોગ બનનારને રૂ.૫ લાખ વળતર ચૂકવવાનો પણ કર્યો આદેશ

(પ્રતિનિધિ) સાવલી તા.5

સગીરાને પટાવી-ફોસલાવી ભગાડી લઈ જઈ તેના પર વારંવાર દુષ્કર્મ આચરવાના પોક્સો કેસમાં અદાલતે આરોપીને દોષિત ઠેરવી 20 વર્ષની સખત કેદની સજા ફટકારી છે. સાથે જ વિવિધ કલમો હેઠળ અલગથી સજા અને દંડ ફટકારતાં તમામ સજાઓ એકસાથે ભોગવવાનો હુકમ કર્યો છે. ઉપરાંત ભોગ બનનારને ગુજરાત વિક્ટિમ કોમ્પન્સેશન સ્કીમ હેઠળ રૂ.5 લાખનું વળતર ચૂકવવા પણ સૂચના આપવામાં આવી છે.

અરવલ્લી જિલ્લાના આરોપી દેવાંગકુમાર ઉર્ફે ભોલો જીતેન્દ્ર પટેલે ફરિયાદીની 17 વર્ષીય સગીર દીકરીને તેની સગીર વયની જાણ હોવા છતાં 30 મે, 2025ના રોજ નાની વરણોલી ગેટ પાસેથી પટાવી લગ્નની લાલચ આપી ભગાડી લઈ ગયો હતો. ત્યારબાદ આરોપીએ સગીરા અલગ-અલગ જગ્યાએ રાખી તેની સાથે અનેક વખત શરીર સંબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાનું પણ તપાસમાં સામે આવ્યું હતું. પોક્સો એક્ટ મુજબ આરોપીની ધરપકડ કરી લેવામાં આવી હતી. જેની સુનાવણી દરમિયાન સરકારી વકીલ સીજી પટેલે રજૂઆત કરી હતી કે ભોગ બનનારની કોર્ટમાં આપેલી જુબાની, તબીબી ઈતિહાસ, નિવેદનો તથા અન્ય સાક્ષી-પુરાવાઓ આરોપી સામેના આક્ષેપોને મજબૂત રીતે સમર્થન આપે છે. બચાવ પક્ષ દ્વારા આ પુરાવાઓને નબળા પાડે તેવી કોઈ અસરકારક હકીકત રજૂ થઈ નહોતી. બીજી તરફ બચાવ પક્ષે બંને પરિવારો વચ્ચે અગાઉથી પરિચય હોવાની અને રૂ.30 હજારની ઉછીની રકમની અદાવતને કારણે ખોટો કેસ કરવામાં આવ્યો હોવાનો દાવો કર્યો હતો. ઉપરાંત કોઈ સ્વતંત્ર સાક્ષી, હોટલમાં રોકાણ અથવા વૈજ્ઞાનિક પુરાવા ન હોવાનું જણાવી આરોપીને નિર્દોષ છોડવાની માંગણી કરી હતી.

# ચોમાસુ ફરી સક્રિય થશે, કાલથી ૧૦મી સુધી ભારે વરસાદની શક્યતા

(પ્રતિનિધિ) વડોદરા, તા. 5

રાજ્યમાં હાલ છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે. જોકે હવામાન વિભાગના જણાવ્યા મુજબ 7થી 10 ઓગસ્ટ દરમિયાન ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદનું પ્રમાણ વધી શકે છે. હાલ ચોમાસાની ટર્ફ લાઈન, ઉપરી વાતાવરણમાં ચક્રવાતી સર્ક્યુલેશન અને દક્ષિણ ભારત તરફની ટ્રફ લાઈન સહિત ત્રણ સિસ્ટમ સક્રિય હોવાથી ભેજનું પ્રમાણ વધ્યું છે. જોકે 9 ઓગસ્ટ સુધી ભારે વરસાદની શક્યતા નથી અને હળવાથી સામાન્ય વરસાદ ચાલુ રહેવાની આગાહી છે. વડોદરામાં આગામી સાત દિવસ ગાજવીજ સાથે હળવા વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન 31.6 ડિગ્રી અને લઘુત્તમ 27 ડિગ્રી નોંધાયું હતું. હળવો વરસાદ ચોમાસુ પાક માટે લાભદાયી હોવાનું હવામાન નિષ્ણાતોએ જણાવ્યું છે.

### બોગસ લેબર લેટર સહિતના ડોક્યુમેન્ટ્સ આપી વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળ્યું

# વર્ક પરમિટના બહાને અમદાવાદના શિક્ષક સાથે આચરી રૂ. ૪.૭૫ લાખની છેતરપિંડી

**સુભાનપુરાની** વિઝિટન્ટ સર્વિસના બે ડિરેક્ટરો સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

અમદાવાદના ફ્રીલાન્સ શિક્ષકને વિશ્વાસમાં લઈ એજન્ટ દ્વારા અલગ-અલગ દેશોના વર્ક પરમિટ વિઝા અપાવવાના નામે રૂ.૪.૭૫ લાખ પડાવી લઈ બોગસ લેબર લેટર આપી છેતરપિંડી આચરવામા આવી હતી. પરંતુ કોઈ વિઝા નહીં બનાવી આપતા વડોદરાના સુભાનપુરા સ્થિત વિઝા કન્સલ્ટન્સીના બે ડિરેક્ટરો સામે ગોરવા પોલીસ સ્ટેશનમાં શિક્ષકે ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદના ઘોડાસર વિસ્તારમાં રહેતા અને વિદ્યાર્થીઓને PTE તેમજ IELTSની તૈયારી કરાવતા ફ્રીલાન્સ શિક્ષક રીતેશ રંજન સિંહાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ પોતાના વિદ્યાર્થીઓ માટે વિશ્વસનીય વિઝા એજન્સીની શોધમાં હતા. આ દરમિયાન તેમને સુભાનપુરા સ્થિત વિઝિટન્ટ સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ વિશે જાણવા મળ્યું હતું. ડિસેમ્બર-2024માં કંપનીના કર્મચારીઓએ તેમનો સંપર્ક કરી ઓફિસે બોલાવ્યા હતા. જ્યાં કંપનીના ડિરેક્ટર નીરવ વાણંદ અને પ્રિયાંશુ શિંદે સાથે તેમની મુલાકાત થઈ હતી. ડિરેક્ટરોએ B2B (બિઝનેસ ટુ બિઝનેસ) ધોરણે સાથે કામ કરવાનો વિશ્વાસ આપતાં શિક્ષકે પોતાના વિદ્યાર્થીઓના વિઝા અને વર્ક પરમિટના કેસ તેમને સોંપવાનું શરૂ કર્યું હતું.

વિદ્યાર્થી ભાર્ગવ રાવલને હંગેરીમાં બેકરી હેલ્પર તરીકે વર્ક પરમિટ માટે રૂ. ૫ લાખ નક્કી થયા હતા. ૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ રૂ. ૧ લાખ એડવાન્સ જમા કરાવ્યા બાદ હંગેરીના વિઝા સસ્પેન્ડ છે તેમ કહી કેસ ઈટાલી અને ત્યારબાદ ગ્રીસમાં ટ્રાન્સફર કરવાનું કહી સમય પસાર કરાયો હતો. અન્ય ૮ વિદ્યાર્થીઓ વ્રજ ઉપાધ્યાય, અશોક ખટીક, રાહુલ પરમાર, માનસીંગ ગુરૂન, શુભમ છત્રિય, બ્રીજેશ ટીમ્બાડિયા, નવનીલ ત્રિવેદી અને રોનક મેવાડા માટે સ્લોવાકિયાની વર્ક પરમિટ પેટે રૂ. ૬ લાખ પ્રતિ વ્યક્તિ નક્કી કરાયા હતા. શિક્ષકે એપ્રિલ-મે ૨૦૨૫ દરમિયાન ટુકડે-ટુકડે રૂ. ૩.૭૫ લાખ ચુકવ્યા હતા. જૂન મહિનામાં ફાઈનલ સબમિશનની ખાતરી આપી વિદ્યાર્થીઓને લેબર લેટર આપવામાં આવ્યા હતા. પરંતુ ચકાસણી દરમિયાન આ તમામ લેબર લેટર બનાવટી અને ખોટા હોવાનું બહાર આવ્યું હતું. આમ આરોપીઓએ વર્ક પર મિનિટ બનાવી આપવાના બહાને રૂ. ૪.૭૫ લાખ મેળવી લીધા હતા. જેમાંથી તેમણે માત્ર રૂ. ૧ લાખ પરત આપ્યા હતા અને બાકીના રૂ. ૩.૭૫ લાખ વારંવાર માંગણી કરવા છતાં પરત ન આપી ખોટા દસ્તાવેજોના આધારે છેતરપિંડી આચરી હતી. પોલીસે ડિરેક્ટર નીરવ વાણંદ અને પ્રિયાંશુ શિંદે સામે ગુનો નોંધી વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ગ્રામ્ય બોન્ડ પ્રથા રદ કરવાની માંગ સાથે મેડિકલ વિદ્યાર્થીઓનો વિરોધ

**જગ્યાઓના** અભાવે બોન્ડ પૂર્ણ ન થતાં હજારો વિદ્યાર્થીઓનું ભવિષ્ય અટવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.5

રાજ્યમાં મેડિકલ શિક્ષણ પૂર્ણ કર્યા બાદ સરકારી ક્વોટાના વિદ્યાર્થીઓ માટે ફરજિયાત ગ્રામ્ય બોન્ડ પ્રથાનો વિરોધ ઉગ્ર બન્યો છે. મેડિકલ વિદ્યાર્થીઓ અને જુનિયર ડોક્ટરોએ આક્ષેપ કર્યો છે કે સરકાર ગ્રામ્ય વિસ્તારોમાં સેવા માટે પૂરતી જગ્યાઓ ઉપલબ્ધ કરાવતી નથી, છતાં લાખો રૂપિયાનો બોન્ડ ફરજિયાત રાખવામાં આવ્યો છે. તેથી આ પ્રથા રદ કરવાની માંગ ઉઠી છે.

હાલના નિયમ મુજબ સરકારી ક્વોટામાંથી MBBS પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓ માટે રૂ. 20 લાખ અને પોસ્ટ ગ્રેજ્યુએશન (PG) કરનાર ડોક્ટરો માટે રૂ. 40 લાખનો બોન્ડ ફરજિયાત છે. તેના બદલામાં 3થી 5 વર્ષ સુધી રાજ્યની પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC) અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC)માં સેવા આપવાની જોગવાઈ છે. જોકે વિદ્યાર્થીઓનો દાવો છે કે જરૂરી જગ્યાઓ ઉપલબ્ધ ન હોવાથી તેઓ બોન્ડ પૂર્ણ કરી શકતા નથી અને વર્ષો સુધી રાહ જોવી પડે છે.

વિદ્યાર્થીઓનું કહેવું છે કે મધ્યમવર્ગીય પરિવારો માટે 20થી 40 લાખ રૂપિયાનો બોન્ડ મોટો આર્થિક બોજ છે. ઉપરાંત બોન્ડ પૂર્ણ ન થાય ત્યાં સુધી ખાનગી પ્રેક્ટિસ શરૂ કરવામાં કે ઉચ્ચ અભ્યાસમાં પણ મુશ્કેલી ઉભી થાય છે.

જુનિયર રેસિડેન્ટ ડોક્ટર એસોસિયેશનના પ્રમુખ ડો. ચિંતન સોલંકીએ જણાવ્યું હતું કે, સરકાર પાસે સ્પષ્ટ રજૂઆત કરવામાં આવી છે કે જો સેવા માટે જગ્યાઓ ઉપલબ્ધ ન હોય તો ફરજિયાત બોન્ડ પણ ન હોવો જોઈએ. મેડિકલ સ્ટુડન્ટ એસોસિયેશને પણ આરોગ્ય મંત્રી અને આરોગ્ય વિભાગને લેખિત રજૂઆત કરી છે. મહારાષ્ટ્રમાં બોન્ડ પ્રથા રદ કરાઈ હોવાનો ઉલ્લેખ કરીને ગુજરાતમાં પણ સમાન નિર્ણય લેવાની માંગ કરવામાં આવી છે. હવે સરકારના નિર્ણય પર સમગ્ર મેડિકલ બિરાદરની નજર છે.

### મ્યુ. કમિશનરની સૂચનાઓને તાબાના અધિકારીઓ અને કર્મચારીઓ ગણકારતા નથી

# પાલિકાની ઢોર પાર્ટી વિવાદના વંટોળમાં પૈસા લઈ ગાયો મુક્ત કરાતી હોવાના આક્ષેપ

**દૂધાળા** ઢોરના બદલામાં વાછરડા અને રોકડની માંગણીના સંગીન આરોપો; ઢોર પાર્ટીની કામગીરી શંકાના ઘેરામાં

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા શહેર ને રખડતા ઢોરોની સમસ્યામાંથી મુક્તિ અપાવવા અને માર્ગોને સુરક્ષિત બનાવવા માટે મ્યુનિસિપલ કમિશનર દ્વારા એક તરફ સતત કડક સૂચનાઓ આપવામાં આવી રહી છે, પરંતુ તેમની સૂચનાઓને પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓ ગણકારતા નથી. પાલિકાની જ ઢોર નિવારણ પાર્ટીની કામગીરી સામે ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો ઉઠતા તંત્રમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રખડતા ઢોર પકડવાની ઝુંબેશ વચ્ચે ઢોર પાર્ટીના જ કર્મચારીઓની મિલીભગતથી ખાનગી વહીવટ ચાલતો હોવાની ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે.

પાલિકાની ઢોર પાર્ટીના ઈન્ચાર્જ કર્મચાર તથા બંદોબસ્ત માટે તૈનાત કરવામાં આવેલા એક્સ-મેન કર્મચારીની કામગીરી સામે સંગીન આરોપો લાગ્યા છે. સપાટી પર આવેલી માહિતી મુજબ, શહેરમાંથી પકડાયેલી રખડતી ગાયોને ઢોર ડબ્બે પૂરવાને બદલે ગોપાલકો પાસેથી નક્કી કરેલી રકમ વસૂલીને તેમને છોડી દેવામાં આવે છે. આટલું જ નહીં, અત્યંત ચોંકાવનારો આક્ષેપ એ પણ લાગ્યો છે કે દૂધ આપતી ગાયના બદલામાં ગોપાલકો પાસેથી બે વાછરડાં અને સાથે રોકડ રકમની ઉઘાડી માંગણી કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં વડોદરાના માર્ગો પર રખડતા ઢોરોની ટક્કરે અનેક વાહનચાલકો અને નિર્દોષ નાગરિકોએ પોતાના જીવ ગુમાવ્યા છે તથા અનેક લોકો આજીવન દિવ્યાંગ બન્યા છે. આવી ગંભીર દુર્ઘટનાઓ બાદ કમિશનર દ્વારા ઢોર પકડવાની કામગીરીમાં કોઈ પણ જાતની બેદરકારી ન રાખવા અને આકરા પગલાં લેવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી હતી. પણ તેમની સૂચનાઓને કોઈ ગણકારતા નથી.

આ પરિસ્થિતિને કારણે પ્રજાના કરવેરાના નાણાંમાંથી ચાલતી ઢોર પાર્ટીની ગાડીઓ માત્ર ડીઝલ બાળીને દેખાવપૂરતું જ શહેરમાં પેટ્રોલિંગ કરતી હોય તેવો ઘાટ સર્જાયો છે. આટલા ગંભીર આક્ષેપો સામે આવ્યા બાદ મ્યુનિસિપલ કમિશનર ભ્રષ્ટ કર્મચારીઓ સામે કડક તપાસ યોજી દાખલારૂપ કાર્યવાહી કરશે કે પછી આ મામલો પણ કાગળ પર જ રહી જશે તે જોવું રહ્યું.કેમકે પાલિકા કમિશનરને તેમની સૂચનાઓનું કેટલું પાલન થયું તે જોવાની ફુરસદ જ હોતી નથી.

### બે મહિના પહેલાં બનેલો રસ્તો ફરી ખોદી નંખાતા રોષ

# પાલિકા-MGVCLનાતાલમેલના અભાવે રસ્તો ફરીવાર ખોદાયો

**શ્રેયસ** સ્કૂલ પાસે કેબલ કામગીરી માટે નવો રસ્તો તોડાતાં અકસ્માતની ભીતિ



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મહાનગરપાલિકા શહેરને ખાડામુક્ત બનાવવા અને રસ્તાઓની મરામત માટે અભિયાન ચલાવી રહી છે. જોકે પાલિકા અને MGVCL વચ્ચેના તાલમેલના અભાવે લોકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વોર્ડ નં. 13માં નવાપુરાથી પોલોગ્રાઉન્ડ તરફ જતાં શ્રેયસ સ્કૂલ નજીકનો મુખ્ય રસ્તો તેનું તાજું ઉદાહરણ બન્યો છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ચોમાસાની શરૂઆત પહેલાં જ કરોડોના ખર્ચે માત્ર બે મહિના અગાઉ તૈયાર કરાયેલા નવા રસ્તાને અંડરગ્રાઉન્ડ કેબલ અને પાઈપલાઈન નાખવાના કામ માટે ફરીથી ખોદી નાખવામાં આવ્યો છે. જેના કારણે રસ્તા પર ફરી ખાડા પડ્યા છે અને વાહનચાલકો તેમજ રાહદારીઓ માટે જોખમ ઊભું થયું છે.

રહીશોએ આક્ષેપ કર્યો છે કે જો અગાઉથી આયોજન કરવામાં આવ્યું હોત તો નવો રસ્તો તોડવાની જરૂરિયાત જ ઊભી ન થાત. ચોમાસામાં ખોદકામને કારણે પાણી ભરાવાની અને ખાડામાં વાહનો ફસાવાની શક્યતા વધી છે. ઉપરાંત નજીકમાં આવેલી શ્રેયસ સ્કૂલમાં અભ્યાસ કરતા બાળકો માટે પણ ખુલ્લા કેબલ અને વીજપોલને કારણે વરસાદી પાણીમાં કરંટ ઉતરવાનો ભય વ્યક્ત કરવામાં આવ્યો છે.

### ગોઠડા ગામે લાકડાના દંડાથી માર માર્યાનો આક્ષેપ

# વીજ મીટર ચેકિંગ દરમિયાન જુનિયર એન્જિ. પર હુમલો, સાવલી પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**વીજ** કર્મચારી એસોસિયેશને હુમલાખોર સામે કડક કાર્યવાહી કરવાની કરી માંગ





(પ્રતિનિધિ) સાવલી, તા. 5

સાવલી તાલુકાના ગોઠડા ગામમાં વીજ મીટર ચેકિંગની કામગીરી દરમિયાન મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (MGVCL)ના જુનિયર એન્જિનિયર પર હુમલો થયાનો બનાવ સામે આવ્યો છે. આ મામલે સાવલી પોલીસ સ્ટેશનમાં વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે. ઘટનાને પગલે ગુજરાત રાજ્ય વીજ કર્મચારી એસોસિયેશને હુમલાખોર સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવી છે.


પોલીસ ફરિયાદ મુજબ MGVCLમાં જુનિયર એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ગુંજનભાઈ ભરતભાઈ જસપરા તેમની ટીમ સાથે ગોઠડા ગામમાં નિયમિત વીજ મીટર ચેકિંગ માટે ગયા હતા. દરમિયાન તેઓ અબ્બાસભાઈ અમીરભાઈ મેવાતીના ઘરે મીટર તપાસી રહ્યા હતા ત્યારે અબ્બાસભાઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે ગાળો બોલી લાકડાનો દંડો લઈને ગુંજનભાઈ પર હુમલો કર્યો હતો. હુમલામાં ગુંજનભાઈના ડાબા પગના સાથળના ભાગે ઈજા પહોંચી હતી.

ઘટના બાદ ઈજાગ્રસ્ત જુનિયર એન્જિનિયરને સારવાર માટે સાવલીની જનમૈત્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સરકારી ફરજમાં અડચણ ઊભી કરવા તેમજ હુમલો કરવા અંગે સાવલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. બીજી તરફ, ગુજરાત રાજ્ય વીજ કર્મચારી એસોસિયેશને પોલીસ ઈન્સ્પેક્ટરને લેખિત રજૂઆત કરી હુમલાખોર સામે કાયદેસરની અને દાખલારૂપ કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે. એસોસિયેશને જણાવ્યું છે કે સરકારી ફરજ બજાવતા કર્મચારીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવી જરૂરી છે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

### સતત સાતમા પ્રયાસે માત્ર એક જ ઇજારદારે રસ દાખવ્યો

# વડોદરા કોર્પોરેશનમાં અલગ ટેન્ડર બંધ કરી રૂ.૧૦.૭૦ કરોડનો વાર્ષિક ઇજારો: ૭% વધુ ભાવથી વિવાદ ઘેરાયો

**કામમાં** વિલંબ ટાળવાના બહાને કરોડોનો કોન્ટ્રાક્ટ પધરાવવાની પેરવી સામે સવાલો



(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના પશ્ચિમ ઝોન હસ્તકની વિવિધ સરકારી ઈમારતોના મરામત કામો માટે અલગ-અલગ ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવાના બદલે રૂ. ૧૦.૭૦ કરોડનો વાર્ષિક ઈજારો આપવાની હિલચાલથી નવો વિવાદ સર્જાયો છે. આગામી ૭મી ઓગસ્ટે મળનારી સ્થાયી સમિતિની બેઠકમાં આ અંગેની દરખાસ્ત મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે. કામગીરીમાં થતો વિલંબ અટકાવવાના બહાને આ નિર્ણય લેવાયો હોવાનો દાવો તંત્ર કરી રહ્યું છે, પરંતુ સાતમા પ્રયાસે પણ માત્ર એક જ ઈજારદાર સામે આવતા અને ઊંચા ભાવ મંજૂર કરાતા પારદર્શિતા સામે સવાલો ઊભા થયા છે.

કોર્પોરેશનની બિલ્ડિંગ પ્રોજેક્ટ શાખા દ્વારા પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલી આંગણવાડીઓ, અતિથિગૃહ, સેનેટરી ઓફિસ, શાળાઓ અને કમ્પાઉન્ડ વોલ જેવા સ્થળોએ તાત્કાલિક રિપેરિંગ અને જાળવણીના કામો ઝડપથી થાય તે માટે આ વાર્ષિક આયોજન કરાયું છે. તંત્ર મુજબ, નાના-મોટા કામ માટે વારંવાર ટેન્ડર બહાર પાડવામાં સમય બગડે છે. જોકે, આ કામગીરી માટે વારંવાર ટેન્ડર પ્રસિદ્ધ કરવા છતાં સાતમા પ્રયાસે માત્ર 'શ્રી એકમે કન્સ્ટ્રક્શન' નામના એક જ ઈજારદારે રસ દાખવ્યો હતો.

શરૂઆતમાં આ ઈજારદારે એસ.ઓ.આર. ના નિર્ધારિત દર કરતાં ૯.૩૦ ટકા વધુ ભાવ સાથે રૂ. ૧૦.૯૩ કરોડનું ભાવપત્રક રજૂ કર્યું હતું. કોર્પોરેશને ભાવ ઘટાડવા જણાવાતા, ઈજારદારે ૧.૩૦ ટકાનો મામૂલી ઘટાડો કરી રૂ. ૧૦.૭૦ કરોડનું સુધારેલું ભાવપત્રક આપ્યું હતું. આ ભાવ પણ નિયત દરો કરતાં લગભગ ૭ ટકા વધુ છે. આમ છતાં, બિલ્ડિંગ પ્રોજેક્ટ શાખાએ છૂટક ખરીદી અને ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધુ હોવાનું કારણ ધરી આ ભાવને વ્યાજબી ઠેરવ્યા છે. અલગ-અલગ ટેન્ડર બહાર પાડીને સ્પર્ધાત્મક બોલી લગાવવા દેવાના બદલે કરોડો રૂપિયાનો સીધો વાર્ષિક કોન્ટ્રાક્ટ એક જ એજન્સીને પધરાવી દેવાના આ નિર્ણય સામે વિરોધપક્ષ અને નાગરિકોમાં ગંભીર વિરોધ ઊભો થાય તેવી શક્યતા છે.

# ચેક બોઉન્સના કેસમાં આરોપીને એક વર્ષની જેલ, વળતર ચૂકવવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા તા.5

વડોદરામાં પોતાને વકીલ તરીકે ઓળખાવી લોન ભરાવી આપવાના બહાને રૂ.4.10 લાખની છેતરપિંડી કરનાર આરોપીને કોર્ટે દોષિત ઠેરવી એક વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. આરોપી કમલકુમાર ગીરીશભાઈ પંચાલે ફરિયાદીને રૂ.3 લાખનો ચેક આપ્યો હતો, પરંતુ તે અનેક વખત 'ઈન્સફિશિયન્ટ ફંડ'ના કારણે બાઉન્સ થયો હતો. ડિમાન્ડ નોટિસ આપ્યા છતાં રકમ પરત ન મળતાં ફરિયાદીએ એન.આઈ. એક્ટની કલમ-138 હેઠળ કેસ દાખલ કર્યો હતો. ટ્રાયલ દરમિયાન પુરાવા અને સાક્ષીઓના આધારે કોર્ટે આરોપીને દોષિત ઠેરવ્યો હતો. સજા ઉપરાંત કોર્ટે ફરિયાદીને રૂ.3 લાખનું વળતર 30 દિવસમાં ચૂકવવાનો આદેશ કર્યો છે. જો આરોપી નિર્ધારિત સમયમર્યાદામાં વળતરની રકમ નહીં ચૂકવે તો તેને વધુ છ માસની સાદી કેદ ભોગવવી પડશે.

### માંજલપુર પેટા ચૂંટણી પૂરી થતાં જ પાલિકા હરકતમાં

# સ્થાયી સમિતિમાં રૂ.૮૦ કરોડથી વધુના ૩૩ કામો મંજૂરી અર્થે મુકાશે

**નવાપુરામાં** ૩૨.૯૨ કરોડના ખર્ચે નવી ઓફિસ, હરણીમાં સ્વીમિંગ પુલ અને ગોત્રીમાં ઈ-બસ ચાર્જિંગ સ્ટેશન બનશે

(પ્રતિનિધિ) વડોદરા તા.5

માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી પૂર્ણ થતાં આચારસંહિતા હટાવી લેવામાં આવી છે. તેના પગલે વડોદરા મહાનગરપાલિકામાં વિકાસકામોને ફરી ગતિ મળવાની તૈયારી શરૂ થઈ છે. આગામી 7 ઓગસ્ટે સાંજે 4.30 વાગ્યે ખંડેરાવ માર્કેટ ખાતે યોજાનારી સ્થાયી સમિતિની બેઠકમાં શહેરના વિકાસને લગતી રૂ.80 કરોડથી વધુની 33 મહત્વપૂર્ણ દરખાસ્તો મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

મુખ્ય દરખાસ્તોમાં નવાપુરા સરદાર માર્કેટ ખાતે જન્મ-મરણ સહિતના વિભાગો માટે રૂ.32.92 કરોડના ખર્ચે નવા ઓફિસ ભવનના નિર્માણનો સમાવેશ થાય છે. હરણી ટીપી-1 વિસ્તારમાં રૂ.11.67 કરોડના ખર્ચે આધુનિક સ્વિમિંગ પુલ તેમજ ગોત્રી ખાતે રૂ.7.01 કરોડના ખર્ચે ઈ-બસ ચાર્જિંગ સ્ટેશન (ફેઝ-2) ઉભું કરવાની દરખાસ્ત પણ મંજૂરી માટે મુકવામાં આવશે. ઉપરાંત દંતેશ્વર ખાતે વોર્ડ-16ની નવી કચેરીના નિર્માણ માટે રૂ.4.81 કરોડના કામને પણ લીલી ઝંડી મળી શકે છે.

બેઠકમાં પશ્ચિમ ઝોનના સિવિલ કામો, દક્ષિણ ઝોનમાં વૃક્ષોની જાળવણી, લેન્ડફિલ સાઈટ માટે પોકલેન મશીન ભાડે લેવા અને રૂ.1.35 કરોડના ખર્ચે ચાર નવી જેટિંગ મશીન ખરીદવા અંગે પણ નિર્ણય લેવાશે. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાપન માટે વિવિધ વોર્ડમાં પાઈપલાઈન અને જાળવણીના કામો ઉપરાંત વરસાદી ગટર સંબંધિત કટોકટીના કામોની પણ નોંધ લેવામાં આવશે.

નાગરિક સુવિધાઓ ઉપરાંત એડવાન્સ વેરા પ્રોત્સાહક રિબેટ યોજના 10 ઓગસ્ટ સુધી લંબાવવાની દરખાસ્ત, પાલિકા શાળા માટે હંગામી વ્યવસ્થા, આરોગ્ય વિભાગની સ્ટાફ નર્સને રાજ્ય સરકારના ધોરણે એલાઉન્સ અને વિવિધ ટેકનિકલ વિભાગોમાં 11 માસના કરાર આધારિત સ્ટાફની ભરતી અંગે પણ સ્થાયી સમિતિ મહત્વના નિર્ણયો લે તેવી શક્યતા છે.